મોડાસાની લીંભોઇથી સરડોઇ તરફની એસકે-૨ યોજના હેઠળ આવતી

# પાઈપલાઈનમાં ભંગાણથી હજ્જારો લીટર પાણીનો વ્યય

મોડાસા, તા. ૨૯

હાલ, ઓછા વરસાદને કારણે તળાવો ખાલી રહ્યા છે અને તેને લીધે પશુઓને પીવાના પાણીની તકલીફ પડી રહી છે અને શિયાળુ ભરવાની જાહેરાતમાં અરવલ્લી જીલ્લાનો સમાવેશ થતા પાણી પુરવઠા વિભાગ દ્વારા એસ.કે-૨ યોજના હેઠળ પાઈપ લાઈન મારફતે પાણી પહોચાડાઈ રહ્યું છે. કચેરીમાં સમાવિષ્ટ લીંભોઈથી સરડોઈ તરફ એસ.કે-૨ યોજના હેઠળ નાખવામાં આવેલી પાઈપલાઈનમાં લીકેજ સર્જાતા પાણી ખેતરોમાં અને વાંઘાઓમાં ફરી



ખેતી પર સંકટ મંડરાતા પ્રજાજનો અને ખેડૂતોની હાલત કફોડી બનતા ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા નર્મદાના નીરથી જળાશયો અને કેનાલ મારફતે ગામડાના તળાવો ત્યારે મોડાસાના લીંભોઈથી સરડોઈ તરફની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી વેડફતા ખેડૂતો અને પ્રજાજનોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

મોડાસા પાણી પુરવઠા વળતા ભર શિયાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા પાણી પુરવઠાતંત્રની બેદરકારીથી ખેડૂતોને પૂરતું પાણી ન મળતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

# શામળાજી પોલીસનો સપાટો : ૩૭.૯૩ લાખનો દારૂ પકડ્યો

શામળાજી, તા. ૨૯

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર સતત પેટ્રોલિંગ અને રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી ૧૨ કલાકના ટૂંકા સમયગાળામાં ત્રણ ટ્રકમાંથી રૂ. ૩૭.૯૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૬૮ લાખનો પ્રોહી મુદ્દામાલ જપ્ત કરી ૫ શખ્સોને ઝડપી પાડી વિદેશી દારૂની હેરાફેરીમાં અને મદદગારી કરનાર શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાના કપુરાઈ ચોકડી રહેતા વિકાસ અને મહેસાણાનો દિગ્વિજય ઉર્ફે ડિગો ઉર્ફે વિજય નામના બુટલેગરે મંગાવેલ વિદેશી દારૂ શામળાજી પોલીસે ઝડપી પાડતા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સેફ હેવન માનવામાં આવે છે. શામળાજી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.પી. ચૌહાણ અને તેમની ટીમે સોમવારે ચેકપોસ્ટ નજીકના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી ત્રણ ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પાડતા વિદેશી દારૂ ક્યાં રાખવો તેની મૂંઝવણમાં મુકાવવું પડ્યું હતું.



અણસોલ ગામની સીમમાંથી વડોદરાના કપુરાઈ રોડ પર રહેતા વિકાસ નામના બુટલેગરે મંગાવેલ વિદેશી દારૂ બુટલેગર પાસે પહોંચે તે પહેલા શામળાજી પોલીસે કેમિકલ બેરલ અને પ્લાસ્ટિક બેગની આડમાં ટ્રક કન્ટેનર (ગાડી.નં-એચઆર. ૬૩.એ. ૩૯૦૦)માં ગુપ્ત ખાનામાં છુપાવેલ વિદેશી દારૂની ૧૫૩ પેટી બોટલ નંગ-૧૮૩૬ કીં. રૂ. ૭૮૮૪૦૦ તથા ટ્રકની કીં. રૂ.૧૦૦૦૦૦૦, મોબાઈલ-૧ મળી કુલ રૂ. ૧૭૮૯૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મુકેશ ગટુ ઉર્ફે ગણેશ મીણા (રહે,ઉદેપુર)ની ધરપકડ કરી પોલીસ નાકાબંધી જોઈ નાસી છૂટનાર વિષ્ણુ ઉર્ફે મનોજ રામકુમાર (રહે, કામોદ, હરિયાણા) અને બરોડાના વિકાસ નામના બુટલેગરને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

વેણપુર ગામની સીમમાંથી ટ્રક (ગાડી.નં.આરજે.૧૪.જી. ૫૪૦૨)માં જુવાર ભરેલ કંતાન કોથળાની આડમાં સંતાડેલ વિદેશી દારૂ પેટી-૨૬૪ બોટલ નંગ-૩૧૬૮ કીં. રૂ. ૯૫૦૪૦૦ સાથે રાધેશ્યામ લક્ષ્મણ નાથજી યોગી (રહે, દાંતડા, રાજસ્થાન)ને ઝડપી પાડી ટ્રકની કીં. રૂ. ૧૦૦૦૦૦ તથા મોબાઈલ કીં. રૂ.૨૦૦૦ મળી કુલ રૂ.૧૯૫૨૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર મોંગીલાલ ભંવરલાલ જાટ (ચૌધરી) રહે, દાંતડા, રાજસ્થાનને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણાના દિગ્વિજય ઉર્ફે ડિગો ઉર્ફે વિજય નામના બુટલેગરે પાયલોટિંગ કાર સાથે ટ્રકમાં વિદેશી દારૂ ઘુસાડવાનો કીમિયો પણ નાકામ રહ્યો હતો. શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક રાજસ્થાન બાજુથી આવતા ટ્રક-ટ્રેલર (ગાડી.પીબી.૦૪.કે. ૯૨૬૨)ની અંદર ડી.ઓ.સી. પશુઆહારની પાછળ સંતાડેલ વિદેશી દારૂ પેટી-૪૭૩ બોટલ નંગ-૧૬૨૨૪ કીં. રૂ.૨૦૫૪૪૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી ગુલશનકુમાર કરતાર સીંગ સીરકીબન( રાજપૂત), અવતારસિંગ દિલીપસિંગ સીરકીબીન, રવિન્દરકુમાર કિશનલાલ જાટ (ત્રણે, રહે. હરિયાણા)ની ધરપકડ કરી વિદેશી દારૂ ભરી આપનાર રમેશ ઉર્ફે લાડી (રહે, પંજાબ) સ્વીફ્ટ કારમાં પ્રદીપ શર્મા (બિકાનેર) અને અન્ય એક શખ્સ પાયલોટિંગ કરનાર શખ્સો ટ્રક-ટ્રેલર કીં. રૂ.૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ ૪૦૦૦ કુલ.રૂ.૩૦૫૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ૪ આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# હિંમતનગર પાલિકાનું ચાર માળનું અદ્યતન મકાન બનાવાશે

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરની વસ્તી દિન પ્રતિદિન વધી રહી હોવાને કારણે તેનો વિસ્તાર વધે તે સ્વાભાવિક છે. ત્યારે આ શહેરી વિસ્તારનો વહીવટ કરતુ નગરપાલીકાનું તંત્ર પણ સમય જતા બદલાવ લાવી રહ્યું છે. ત્યારે નગર સેવા સદન નવુ બનાવવાનો નિર્ણય લેવાયો છે. જે અંગે બુધવારે મળનારી સામાન્ય સભામાં ચર્ચા વિચારણા કરીને આખરી નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મજુબ હિંમતનગરનું નગર સેવા સદન ટાવરરોડ પર જુના સર્કિટહાઉસ નજીક આવેલું છે. જે વર્ષો પુરાણુ હોવાથી તથા સ્ટાફ અને પાલીકાના વિવિધ વિભાગોના સાધનો અને વાહનો મુકવા માટેની જગ્યા ખુબજ ઓછી છે. નગરસેવા સદનમાં આવેલી જગ્યા પૈકી મોટાભાગની જગ્યા ફાયરના વાહનો પાર્ક કરવામાં રોકાઈ જાય છે. તો બીજી તરફ પાલીકાનો વ્યાપ વધી ગયો હોવાથી વહીવટી કામગીરી પણ બેવડાઈ ગઈ છે.

દરમ્યાન થોડા વર્ષો અગાઉ નવુ નગર સેવા સદન બનાવવા માટે નિર્ણય કરાયો હતો. જે મુજબ ગ્રાઉન્ડ ફ્લોર અને બે માળનું મકાન બનાવવાનું હતુ. પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખી તથા આગામી સમયમાં હિંમતનગર પાલીકામાં સમાવિષ્ટ થનાર વિસ્તારોને પુરી પાડવામાં આવનાર સેવાઓને ધ્યાનમાં એજન્ડા રૂપે મુદ્દો મુકાયો છે. જેથી તે અંગે ચર્ચા કરાયા બાદ આખરી નિર્ણય કરી પ્લાનીંગ કરાય તેવી શક્યતા છે. આ ઉપરાંત બુધવારે મળનારી સામાન્ય સભામાં એજન્ડામાં રજુ કરાયેલા ૫૪ મુદ્દાઓ અંગે પણ વિશદ ચર્ચા કરી નિર્ણય કરાશે.

# દુર્ગાબજાર પાસેનું ૮૨ નંબરનું ફાટક કાયમી બંધ થઈ જશે

રેલવે તંત્રએ હિંમતનગરના રેલવે સ્ટેશનના સ્થળનો ફેરબદલ કરી તેને દુર્ગાબજાર નજીક નવું બનાવ્યું છે. ત્યારે આગામી દિવસોમાં જ્યારથી રેલવે વ્યવહાર શરૂ થશે તે પૂર્વે રેલવેના ૮૨ નંબરના ફાટક તરીકે ઓળખાતું દુર્ગાબજાર પાસેનું ફાટક કાયમી રીતે બંધ કરવા માટે હિંમતનગર પાલીકા પાસે મંજુરી માંગતો પત્ર લખ્યો છે. જે અંગે સામાન્યસભામાં ચર્ચા કરાયા બાદ તે અંગે રેલવે સત્તાવાળાઓને લેખિતમાં મંજુરી આપવામાં આવશે.

મોડાસામાં બે કરોડના ખર્ચે બનેલ

# તાલુકા પંચાયતનું નવીન મકાન લોકાર્પણની રાહ જોઈ રહ્યું છે

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત કચેરીમાં કામકાજ અર્થે આવનાર પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવન જોખમે કામકાજ કરવા મજબુર બન્યા છે. છતમાંથી પોપડાઓ પણ અનેકવાર ખરી પડતા હોવાથી જાનહાની થવાનો પણ ભય પેદા થયો છે. મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ સહીત વિવિધ કમિટીઓના ચેરમેન પણ જગ્યાને અભાવે પ્રજાજનો તેમના વિસ્તારના કામો લઈને આવે તો ભારે દુવિધાનો સામનો કરી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલ નવીન તાલુકા કચેરીનું લોકાર્પણ થશે કે તે પહેલા ખંડેર બનશે જેવા અનેક પ્રશ્નો તાલુકાના પ્રજાજનોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.



કચેરીનું મકાન જર્જરિત થતા ૨ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ નવીન મકાન એક વર્ષથી વધુના સમયથી ફર્નીચરનું કામકાજ બાકી હોવાથી તાલુકા પંચાયત કચેરીને હાલ ખંભાતી તાળા લટકી રહેતા ધૂળ ખાઈ રહી છે. બીજીબાજુ કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયત હોવાથી રાજકીય કિન્નાખોરી દાખવવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

મોડાસા તાલુકા મથકની જૂની તાલુકા પંચાયત કચેરી જર્જરિત થઈ જવાના કારણે કચેરીમાં કામ કરતા કર્મચારીઓ અને તાલુકા

### તાલુકા પ્રમુખ ભાવનાબેન પટેલના જણાવ્યા અનુસાર

મોડાસા તાલુકા પંચાયતનું ૨ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ નવીન મકાન ધૂળ ખાતા લોકાર્પણ અંગે પુછાતા બળાપો ઠાલવી જણાવ્યું હતું કે જીલ્લા પ્રભારીમંત્રી રમણલાલ પાટકર, જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને સંકલનની બેઠકમાં પણ રજુઆત કરવા છતાં ફર્નીચરનું કામકાજ બાકી હોવાનું જણાવી લોકાર્પણ ઠેલવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

### તાલુકા વિકાસ અધિકારી ગોપાલ પટેલના જણાવ્યા અનુસાર

નવીન તાલુકા પંચાયત મકાનનું ફર્નીચરનું કામકાજ બાકી હોવાથી અને ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાથી ટૂંક સમયમાં ફર્નીચરનું કામકાજ શરુ થવાની સાથે એકાદ મહિનામાં તાલુકા પંચાયત કચેરીના નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને તાલુકા પંચાયતના કર્મચારીઓ પણ ઝડપથી નવીન કચેરીનું ઓપનીંગ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

# ધાનેરા નગરપાલિકા દ્વારા ભીલવાસ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ

૭૦માં પ્રજાસત્તાક દિવસની દેશ માં ખુબજ ઉત્સાહ સાથે ઉજવણી થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ વિવિધ જગ્યા ઉપર તિરંગો કચેરી સહીત અનેક જગ્યા ઉપર તિરંગો લહેરાવી લોકોએ તિરંગાને સલામી આપી હતી ત્યારે ધાનેરા નગરપાલિકા ધ્વરા ધાનેરા ભીલવાસ પ્રાથમિક શાળામાં રાષ્ટ્ર



લહેરાવી રાષ્ટ્ર પર્વની ઉજવણી કરવામી આવી હતી ત્યારે ધાનેરા નગરપાલિકા ધ્વરા ધાનેરા ભીલવાસ પ્રાથમિક શાળામાં રાષ્ટ્ર તહેવારની ઉજવણી કરી હતી.

આજે ૭૦માં પ્રજાસત્તાક દિવસની દેશ ખુબ જ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે લોકો ખુબ જ ઉત્સાહ સાથે તિરંગાને સલામી આપી રાષ્ટ્ર તહેવાર માનવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ખુબ જ ઉત્સાહ સાથે રાષ્ટ્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેર તેમજ ગામડાની તમામ શાળાઓ અને સરકારી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જેમાં ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ ધ્વરા ધ્વજ વંદન કરવામાં આવી આવ્યું હતું તો બીજી તરફ શાળાના નાના નાના બાળકો દ્વારા વિવિધ દેશ ભક્તિ ના પ્રોગ્રામ કરી આવનાર મહેમાનો ના મન મોહી લીધા હતા અને ધાનેરા નગરપાલિકા પ્રમુખ ધ્વરા ધાનેરા ની ભીલવાસ પ્રાથમિક શાળા માં બાળકો સહીત આવનાર મહેમાનો માટે પણ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરના સ્થાપના દિનની કેક કાપી કરી ઉજવણી

## નવા વર્ષના પ્રમુખ તરીકે સંજયભાઈ જોષી તેમજ મહામંત્રી તરીકે મોઘજીભાઇ ચૌધરીની સર્વાનુમતે કરાઇ વરણી

પાલનપુર ખાતે સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના જાગૃત પત્રકાર મિત્રોના સંગઠન ×ફિલ્ડ રિપોર્ટર્સ×ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે



વરણી કરાઈ હતી જેમાં પ્રમુખ પદે સ્થાપક પ્રમુખ સંજયભાઈ જોષી તેમજ મહામંત્રી પદે મોઘજીભાઈ ચૌધરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરની સાધારણ સભા ૨૬મી જાન્યુઆરીએ પ્રમુખ નરેશભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી સભાની શરૂઆત વંદે માતરમના ગાનથી કરાઈ હતી.પ્રારંભમાં સ્વાગત પ્રવચન મહામંત્રી અંકિત વ્યાસે કર્યું હતું .ત્યારબાદ પ્રમુખ નરેશભાઈ ચૌહાણે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો.બાદમાં કેક કાપીને સંગઠનના ૧૧માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી .સ્થાપના દિનની ઉજવણી બાદ સંગઠન પર્વ કન્વીનર મહેશભાઈ પ્રજાપતિ અને સહકન્વીનર સીતાબભાઈ કાદરી અને અખ્તરભાઈ ચૌહાણ દ્વારા નવા વર્ષના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં સર્વાનુમતે ફિલ્ડ રિપોટ્ર્સનું સુકાન ફરી એકવાર સ્થાપક પ્રમુખ સંજયભાઈ જોશીને સોંપવાનો નિર્ણય લેવાયો હતો.જ્યારે ઉપપ્રમુખ પદે વિજયભાઈ જોષી અને મહામંત્રીપદે મોઘજીભાઈ ચૌધરી સહિતના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

પ્રમુખ સંજય જોશી (નિર્માણ ન્યૂઝ ચેનલ અને ગુજરાત ન્યૂઝ ચેનલ - રખેવાળ), ઉપપ્રમુખ વિજય જોશી (દૈનિક ભાસ્કર), મહામંત્રી મોંઘજી ચૌધરી (વી ટીવી), મંત્રી અલકેશ રાવ(ઝી ન્યૂઝ), ખજાનચી રાજેન્દ્ર ધારીવાલ (રાજસ્થાન પત્રિકા), આંતરિક ઓડિટર : પ્રકાશ વ્યાસ (બનાસ દિશા ન્યૂઝ ચેનલ અને ત્રીજી આંખ ન્યૂઝ ચેનલ), કાર્યાલય મંત્રી મુકેશ ઠાકોર (નવગુજરાત સમય દૈનિક), સહ કાર્યાલય મંત્રી શૈલેષ પવાર (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા), કા.સભ્ય રણજીતસિંહ હડિયોલ (નવ ગુજરાત સમય દૈનિક), સલાહકાર સમિતિ : (૧) સિતાબભાઈ કાદરી(જયહિંદ) (૨) વિનોદ સુંદેશા(બીકે ન્યૂઝ ચેનલ) (૩) અખ્તર ચૌહાણ (ગુજરાત ટુ-ડે) સભ્યો : અંકિત વ્યાસ(ઈન્ડિયા ન્યૂઝ ગુજરાત), નરેશ ચૌહાણ (દિવ્ય ભાસ્કર), હરેશ જોશી (ગાંધીનગર સમાચાર), મહેશ પ્રજાપતિ (બીકે ન્યૂઝ ચેનલ), ઈમરાન સૈયદ (ધી મેસેજ), રતન સાંગિયા (ઈન્ડિયા ટીવી), દિપક રાવલ (ગુજરાત સમાચાર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જેને ઉપસ્થિત સભ્યોએ તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લઈ નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

## હિંમતનગરમાં ૩૧મીએ રન ફોર યુનીટીનું આયોજન

સાબરકાંઠા જિલ્લા વોલીબોલ એસોસીએશન હિંમતનગરના ઉપક્રમે તથા ગુજરાત ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી બુધવાર તા. ૩૧ જાન્યુઆરીના રોજ હિંમતનગરમાં સવારે ૭ થી ૯ દરમ્યાન રન ફોર યુનીટીનું આયોજન કરાયું છે. જેમાં ૫ કિલોમીટર અને દિવ્યાંગ બાળકો માટે ૧ કિમી રન/વોકનું અંતર રહેશે.

## હિંમતનગરના પરબડામાંથી બાઈકચોરાયું

હિંમતનગરના પરબડા વિસ્તારમાં નવ દિવસ અગાઉ ઘર આગળ પાર્ક કરેલ રૂ. ૨૫ હજારની કિંમતના બાઈક નં. જીજે.૨૭. એન. ૭૬૪૮ની અજાણ્યો શખ્સ ઘર આગળથી ચોરી કરી લઈ ગયો હતો.



## ધનસુરાની લાલપુર પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણી

ધનસુરા તાલુકાની લાલપુર પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બેંક ઓફ બરોડા શિણોલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. તેમના તરફથી શાળાના તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ તરીકે કંપાસ પેટી અને સ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ શાહ પરિવાર સ્વ. કેશવલાલ મગનલાલ તરફથી ગ્રામજનો અને શાળાના બાળકોને ફાફડા અને જલેબીનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ ડાન્સ પણ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરિવારે કર્યું હતું.

# પ્રાંતિજ પોલીસે ટોલનાકા પાસે વિદેશી દારૂ સાથે એકની અટકાયત

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા પાસેથી વહેલી સવારે પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે ૮૭,૪૦૦નો વિદેશી દારૂ ભરેલ કાર પકડી એકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે વહેલી સવારે રાજસ્થાન ઉદેપુર તરફથી આવતી ઈનોવાકાર એચઆર.૧૪.એમ.૮૭૭૪ કે જેમાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ખુલ્લી બોટલો તથા પેટીઓમા મુકેલ કુલ-૨૪૦ બોટલ કે જેની કિંમત-



૮૭,૪૦૦ તથા એક મોબાઈલ જેની કિંમત-૫૦૦ તથા ઈનોવાકાર જેની કિંમત- ૫,૦૦૦૦૦ મળી કુલ -૫,૮૭,૯૦૦નો મુદ્દામાલ સાથે ધીરસિંગ રામેશ્વરસીંગ શ્રીપાલ રાજપુત રહે. ઓમકાર ફેકટરી નજીક મહાકાલી નગર નરોડા , અમદાવાદ મુળ રહે ખેરોલી, તા. મહેગાંવ, જિ. ભીંડ મધ્યપ્રદેશનો. સ્ટે. બરોસોની પ્રાંતિજ પોલિસે અટકાયત કરી હતી.

## ધાનેરાની એમ. કે. વાઘેલા ગુરુકુળ વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

ધાનેરાની એમ. કે. વાઘેલા ગુરુકુળ વિદ્યાલયમાં ૭૦માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં ડો. બી. જી. મોર ધ્વરા ધ્વજ વંદન કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.




દરેક શાળા કોલેજો તેમજ સરકારી કચેરીઓમાં સહીત અનેક જગ્યા ઉપર આજે ૭૦માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ત્યારે આજે ધાનેરાની એમ. કે. વાઘેલા ગુરુકુળ વિદ્યાલયમાં ૭૦માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડો. બી. જી. મોર ધ્વરા ધ્વજ વંદન કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને શાળાના બાળકો ધ્વરા દેશ ભક્તિના વિવિધ પ્રોગ્રામો કરી આવનાર મહેમાનો મનમોહી લીધા હતા ત્યારે આવનાર મહેમાનોએ પણ બાળકોને વિવિધ ઈનામ આપ્યા હતા.